# ટ્રેન્ડિંગ છે આઉટફિટ્સમાં

# પેસ્ટલ શેડ્સ

ટ્રેન્ડ હોય કે ન હોય તમારા વોર્ડરોબમાં પેસ્ટલ શેડ્ઝનાં આઉટફિટ્સ ચોક્કસ જ હોવાં જોઈએ. આ શેડ્ઝ કદી આઉટ ઓફ ફેશન થતાં નથી. પેસ્ટલ કલરમાં પણ જાતજાતના શેડ્ઝ હોય છે. લેમન યલો, પેલ પિન્ક, ડસ્ટી બ્લૂ, મિન્ટ ગ્રીન, મોવ, બેબી બ્લૂ. અલબત્ત આ કલર્સ જો યોગ્ય રીતે પસંદ કરવામાં ન આવે તો તમને ઝાંખા પણ પાડી શકે છે. આવો જોઈએ પેસ્ટલ શેડ્ઝ પસંદ કરવાની ટિપ્સ....











## સ્કિનનો અન્ડરટોન જાણો

પેસ્ટલ આઉટફિટ ફ્લોન્ટ કરતા પહેલાં તમારી ત્વચાના અન્ડરટોનને જાણવો જરૂરી છે. વોર્મ અન્ડર ટોનવાળા બટર યલો, કોરલ, પીચ, મિન્ટ ગ્રીન જેવા શેડ્ઝમાં ગ્લો કરશે જ્યારે સોફ્ટ પિન્ક, લિલેક અને આઈસી બ્લૂ કુલ અન્ડર ટોન્સ પર શોભશે. ન્યૂટ્રલ અન્ડર ટોન પર તો લગભગ બધા જ પેસ્ટલ શેડ્ઝ સારા લાગે છે. તમને ક્યા પેસ્ટલ કલર સારા લાગશે એ જાણવા માટે તમારા ચહેરા પાસે પેસ્ટલ ફેબ્રિક રાખો અને જુઓ કે સ્કિન ટોન સાથે કેવી રીતે ઈન્ટરેક્ટ કરે છે. હકીકતમાં કલર તમારા નેચરલ ગ્લોને નિખારવો જોઈએ, નહિ કે એને ડલ દેખાડવો જોઈએ.





## ન્યૂટ્રલ સાથે બેલેન્સ

પેસ્ટલ અને ન્યૂટ્રલ એક સાથે 'સંતુલિત અવતાર' બનાવે છે એટલે વ્હાઈટ, ઓફ વ્હાઈટ, ક્રીમ, ગ્રે અને બ્લેક સાથે પેસ્ટલ કલર પેર કરવા એક સારો વિકલ્પ છે. ઉપરાંત એ સારો કોન્ટ્રાસ્ટ ક્રીએટ કરે છે. પેસ્ટલ પિન્ક ટોપ સાથે વ્હાઈટ બોટમ એલિગન્ટ લુક આપે છે. બેજ શોર્ટ્સ સાથે સી ગ્રીન શર્ટ ખૂબસૂરત લાગે છે. પેસ્ટલ ટોનવાળા આઉટફિટ સાથે ન્યૂટ્રલ ટોન પર્ફેક્ટ લાગે છે.



## ટેક્સચર

પ્લેન ફેબ્રિકના પેસ્ટલ્સ ઘણી વાર બહુ ફ્લેટ લાગે છે. અહીં ટેક્સચર તમારા પસંદ કરેલા આઉટફિટમાં ડેપ્થ અને ડાયમેન્શન ઉમેરશે. સાટિન, નિટ, ટ્વિડ અને સુંદર લેસ જેવાં ફેબ્રિક એક સાદા પેસ્ટલ ડ્રેસને નિખારશે.

## એક્સેસરીઝ

યોગ્ય એસેસરીઝ પેસ્ટલને વધુ પડતાં લાઈટ દર્શાવતાં અટકાવશે. બ્લેક બેલ્ટ, નેવી બ્લૂ શૂઝ, સ્ટેટમેન્ટ કલર બેગ્સ જેવી ડાર્ક કલરની એક્સેસરીઝ એક આકર્ષક કોન્ટ્રાસ્ટ સર્જશે. તમારા સોફ્ટ કલરના આઉટફિટ્સમાં ડ્રામા લુક એડ કરવા રીચ ટોન્સની સ્ટેટમેન્ટ જ્વેલરી પસંદ કરો. દા. ત. પેસ્ટલ પિન્ક મીડી ડ્રેસ સાથે બ્લેક બેલ્ટ. જ્યારે તમે ગ્લેમરસ દેખાવા ઈચ્છતાં હો ત્યારે મેટાલિક ફિનિશ એક્સેસરીઝ શ્રેષ્ઠ છે. તમારા સફેદ શર્ટ અને બ્લૂ ડેનિમ કોમ્બોને સિલ્વર ટોન્ડ સ્પાઈક્ડ હેન્ડબેગ સાથે આકર્ષક ટચ મળશે.





## કોન્ટ્રાસ્ટ મેકઅપ

કોન્ટ્રાસ્ટિંગ મેકઅપ કર્યા વગર પેસ્ટલ રંગના પરિધાનો સ્ટાઈલ કરવાની મજા જ શું? પેસ્ટલ કલર્સમાં પણ સુંદર દેખાવા માટે આ એક મહત્ત્વપૂર્ણ સૌંદર્ય હથિયાર છે. ક્લાસિક રેડ, બેરી, કોરલ્સ અને મરૂન જેવા લિપસ્ટિકના શેડ્સ પેસ્ટલ રંગના ડ્રેસ સાથે કોન્ટ્રાસ્ટ ક્રીએટ કરવા માટે પર્ફેક્ટ છે. વેલ ડિફાઈન્ડ આંખો, ડબલ લેયર્ડ લાઈનર અથવા લાઈટ સ્મોકી ઈફેક્ટ તમારી ખૂબસૂરતીમાં ડેપ્થ ઉમેરશે. તમારા વાનને નિખારવા માટે બ્લશ કે બ્રોન્ઝર સારો વિકલ્પ છે. પેસ્ટલ ટોન્ડ મેકઅપ પસંદ ન કરો કારણ કે એ મોનોટોનસ લુક સર્જશે. તમારું ધ્યેય તમારા ચહેરાની ખૂબીઓને નિખારવાનું હોવું જોઈએ જેથી સંતુલન જાળવી શકાય.

## પેસ્ટલ કલર્સ અને જ્વેલરી

પેસ્ટલ કલર્સ સ્ટાઈલ કરતી વખતે ઘણી વાર આપણે પર્ફેક્ટ જ્વેલરી પસંદ નથી કરી શકતા. માર્કેટમાં આજકાલ જ્વેલરીમાં અસંખ્ય ડિઝાઈન મળે છે પરંતુ પેસ્ટલ કલર સાથે કલર કોમ્બિનેશન કરવું ક્યારેક મુશ્કેલ પડે છે તો ચાલો જોઈએ પેસ્ટલ કલર આઉટફિટ સાથે પહેરવાના પર્ફેક્ટ જ્વેલરી કલર્સ...

## મરૂન કલર

પેસ્ટલ કલરના આઉટફિટ સાથે ડાર્ક કલરની જ્વેલરી પસંદ કરવી જોઈએ. એ માટે તમે મરૂન એટલે કે રૂબી પહેરી શકો. રૂબીમાં પણ ઘણી વરાયટી હોય છે. એ તમે મોતી કે હીરાની ચેન કે નેકલેસ સાથે પહેરી શકો.

## મીનાકારી ડિઝાઈન

પેસ્ટલ કલર સાથે મલ્ટી કલર મીનાકારી જ્વેલરી સારી લાગે છે. રીઅલ મીનાકારી જ્વેલરી મોંઘી હોય છે પરંતુ તમે આર્ટીફિશ્યલ જ્વેલરી પસંદ કરી શકો.



## વ્હાઈટ સ્ટોન જ્વેલરી

તમે કન્ફ્યુઝ હો અને વધારે પડતી કલર્ડ જ્વેલરીને બદલે ક્લાસી લુક ઈચ્છતાં હો તો ટ્રાન્સપરન્ટ કે વ્હાઈટ કલરના સ્ટોનવાળી જ્વેલરી સ્ટાઈલ કરી શકો. એની સાથે તમે મેચિંગ માંગટીકા પણ પહેરી શકો.